# મહેસાણા જિલ્લામાં યુવા મતદાર મહોત્સવ ૨૦૧૩ની ઉજવણી કરાશે

મહેસાણા, તા.૮

જિલ્લાના તમામ લાયક યુવા મતદારોના નામ મતદાર યાદીમાં નોંધાય અને યુવા મતદારોની ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી વધે તે આશયથી યુવા મતદાર મહોત્સવ ૨૦૧૩ની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે. ૧૫ જુલાઈ ૨૦૧૩થી ૧૫ ઓગષ્ટ ૨૦૧૩ દરમિયાન આ ઉજવણી કરવાની છે.

આ ઉજવણીમાં તમામ શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓ, કોચીંગ સંસ્થાઓ સહિત તમામ સંસ્થાઓ કે જેમાં વિદ્યાર્થીઓની ઉંમર ૧૫ થી ૨૮ વર્ષ વચ્ચેની હોય તેવા વિદ્યાર્થીઓ યુવાનો માટે ખાસ સ્પર્ધાઓનું આયોજન કરેલ છે. વિવિધ પાંચ પ્રકારની સ્પર્ધાઓ જેવી કે (૧) જિંગલસ-ગીત-રેપ લેખન (૨) મેસ્કોટ બનાવવા અને તેની ડિઝાઈન તૈયાર કરવી (૩) ફ્લેશ મોબ (૪) એડ ફિલ્મ/કવીકીસ કોમ્પીટીશન (૫) ખાસ ઓપન કેટેગરી જેવી સ્પર્ધાઓ શાળાના આચાર્યશ્રી તેમજ શૈક્ષણિક સંસ્થાના વડાએ યોજાવાની થાય છે.

આ સ્પર્ધામાં વિજેતા પ્રથમ ત્રણ કૃતિઓને ૨૮ ઓગષ્ટ ૨૦૧૩ સુધીમાં નોડલ અધિકારી (સ્વીપ) વનજિલ્લા શિક્ષણાધિકારીશ્રી મહેસાણાને ટપાલથી અથવા રૂબરૂ પહોંચતી કરવાની રહેશે. જિલ્લા કક્ષાએ આ સ્પર્ધાના મુલ્યાંકનબાદ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરની કૃતિઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર આપવામાં આવનાર છે.

સ્પર્ધા માટેની માર્ગદર્શક સૂચનાઓ વિગતવાર તાલુકા મથકે મામલતદાર દ્વારા સંબંધિત સંસ્થાઓને ૧૫ જુલાઈ ૨૦૧૩ સુધીમાં મોકલવામાં આવશે. આ પ્રકારની સ્પર્ધાઓ યોજી મતદાર નોંધણી ઝુંબેશ પ્રક્રિયાને સફળ બનાવવા શૈક્ષણિક સંસ્થાઓને કલેકટરશ્રી મહેસાણાએ જાહેર વિનંતી કરેલ છે તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.



પાટણ એલ.સી.બી.એ. ઝડપી પાડેલા બગોદરા લૂંટ કેસના આરોપીઓને આજે બનાસકાંઠા પોલીસે જે ટ્રકમાં લૂંટનો થોડો ઘણો સામાન મળેલ તે આરોપીઓ બાદ વધુ બે આરોપીઓ સુરેશ ઉર્ફે તલાજી પરબતજી ઠાકોર (સિધ્ધપુર) અને ચાણસ્માના રાણસરના મણીલાલ ઠાકોરને ગુપ્ત બાતમીને આધારે રાજસ્થાન ચોરીનો સામાન વેચવા જતા રૂ. ૨.૮૯ કરોડનો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. જેની વધુ તપાસ એસ.પી. અશોક યાદવના માર્ગદર્શન હેઠળ થઈ રહી છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# પ્રવેશમાં ગેરરીતિઓના મામલે એનએસયુઆઈનાં ઉગ્ર દેખાવ

## કેકા શાસ્ત્રી કોલેજ ગ્રાન્ટેડ છતાં પણ સંચાલકો દ્વારા સેલ્ફ ફાઈનાન્સના ધોરણે ચલાવવામાં આવતી હોવાનો આક્ષેપ

અમદાવાદ, તા.૦૮

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલ કે.કા.શાસ્ત્રી કોલેજમાં આ વર્ષે પ્રવેશ પ્રક્રિયામાં ગેરરીતી ચલાવવામાં આવી હોવાનાં આક્ષેપ સાથે એનએસયુઆઈનાં કાર્યકર્તા દ્વારા દેખાવો યોજવામાં આવ્યા હતા. એટલું જ નહીં એનએસયુઆઈનાં કાર્યકર્તાઓએ આક્ષેપ કર્યો છે કે કે.કા.શાસ્ત્રી કોલેજ ગ્રાન્ટેડ હોવા છતાં સંચાલકો દ્વારા સેલ્ફ ફાઈનાન્સનાં ધોરણો કોલેજ ચલાવવામાં આવે છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદનાં ખોખરા વિસ્તારમાં આવેલ કે.કા.શાસ્ત્રી કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવણીમાં ગેરરીતી આચરાઈ હોવાની આક્ષેપ સાથે આજે બપોરે પોલીસને જાણ કરી દેવાઈ હતી. જેના કારણે પોલીસે ઘટના સ્થળ પર પહોંચીને કોલેજના વિરોધમાં દેખાવ કરી રહેલા એનએસયુઆઈના ૭૦ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી. આ અંગે કોલેજનાં સત્તાવાળાઓનો સંપર્ક કરતાં તેમણે કંઈપણ કહેવાનો ઈન્કાર કરી દીધો હતો જ્યારે એનએસયુઆઈનાં મહામંત્રી રાહુલ પરીખે જણાવ્યું હતું કે કે.કા. શાસ્ત્રી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ કોલેજ છે. તેમ છતાં સરકારી કેમ્પસમાં સેલ્ફ ફાઈનાન્સ કોલેજ ચલાવવામાં આવી રહી છે.

સામાન્ય રીતે યુનિવર્સિટી સંલગ્ન બીજી ગ્રાન્ટેડ કોલેજમાં અઢી થી ત્રણ હજાર રૂપિયા ફી ઉઘરાવવામાં આવે છે જ્યારે કે.કા.શાસ્ત્રી કોલેજમાં મધ્યમવર્ગનાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હોવા છતાં સેલ્ફ ફાઈનાન્સ ધોરણે રૂપિયા ૧૨,૦૦૦ કરતાં વધુ ફી ઉઘરાવવામાં આવે છે. જેના કારણે વિદ્યાર્થીઓને અન્યાય થાય છે. ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના મતવિસ્તારમાં આવેલ છે.

# વાહન રજીસ્ટ્રેશનમાં ૧૫ ટકા સુધી વધારો

અમદાવાદ, તા.૦૮

શહેરમાં ૧૦મી જુલાઈ અષાઢી બીજના રોજ રથયાત્રા નિમિત્તે નવા વાહનોની બુકીંગ વધતા આરટીઓના રજીસ્ટ્રેશનમાં ૧૫ ટકાનો વધારો નોંધાયો છે.

રથયાત્રા જેવા પવિત્ર પર્વ પર ઘણાં લોકો નવા વાહનો ખરીદતા હોય છે. તેથી રથયાત્રાના દિવસે વાહન છોડાવી શકાય તેના માટે નાગરીકોએ પહેલેથી જ બુકીંગ શરૂ કરાવી દીધું હતું. બુકીંગ વધતા આરટીઓમાં રજીસ્ટ્રેશનમાં ૧૫ ટકાનો વધારો નોંધાયો છે. આરટીઓમાં મુખ્યત્વે રોજના સાતસો થી હજાર જેટલાં વાહનોના રજીસ્ટ્રેશન થાય છે. પરંતુ રથયાત્રાના પવિત્ર પર્વ પર આરટીઓમાં રજીસ્ટ્રેશનમાં ૧૫ ટકાનો વધારો નોંદાયો છે.

રથયાત્રાનું વિશેષ ધાર્મિક મહત્વ રહેતું હોવાથી લોકો રથયાત્રાના દિવસે વાહનોની ખરીદારીનું આગવું મહત્વ હોય છે તેથી રથયાત્રાના દિવસે વાહનોની ખરીદીમાં નોંધપાત્ર વધારો જોવા મળે છે. જેના પગલે આરટીઓમાં પણ વાહન રજીસ્ટ્રેશનની અરજીઓમાં વધારો નોંધાયો છે.

# યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ કોલેજોની બેઠકોને વધારાશે

## કોમર્સ-સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે ધસારો જોવા મળતા વિદ્યાર્થીઓ પ્રવેશવંચિત : બેઠકોની સંખ્યા વધારવા તૈયારી

અમદાવાદ, તા.૦૮

ધોરણ-૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહનાં પરીણામ બાદ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં પ્રવેશની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જો કે આ કોમર્સ અને સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળતા અનેક વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી ગયા હતા. જેને ધ્યાનમાં રાખી આજે એનએસયુઆઈ દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં દેખાવો યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦થી વધુ કાર્યકરો જોડાયા હતા. દેખાવો બાદ એનએસયુઆઈનાં કાર્યકરોએ યુનિવર્સિટીના ઉપકુલપતિ મુકુલ શાહને આવેદનપત્ર પાઠવીને પ્રવેશ વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓ માટે ગ્રાન્ટેડ કોલેજોમાં સીટો વધારવાની માંગ કરી હતી. જેના જવાબમાં ઉપકુલપતિ મુકુલ શાહે યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ કોલેજોની સીટોમાં વધારો કરી પ્રવેશથી વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓને સમાવી લેવાની બાંહેધરી આપી હતી. જેની સત્તાવાર જાહેરાત આ સપ્તાહમાં કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે એન્જિનીયરીંગ, બીબીએ, બીસીએ, પીટીસી જેવા ટેકનિકલ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓનો ક્રેઝ ઘટ્યો છે.

જેના કારણે યુનિવર્સિટી સંલગ્ન કોમર્સ અને સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળ્યો હતો. પરીણામે ઉચું મેરીટ અટકતા અનેક વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી જવું પડ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખનો સત્કાર સમારોહ યોજાયો

તાજપુર કેમ્પ, તા. ૮

સાબરકાંઠા જિલ્લા ભાજપના નવ નિયુક્ત પ્રમુખ પૃથ્વીરાજ પટેલનો સત્કાર સમારોહ નલિનકાંત હોલ હિંમતનગર ખાતે તાજેતરમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ નવ નિયુક્ત પ્રમુખ વિશે જણાવતા કહ્યું હતું કે સંગઠ્ઠન બાબતે ઉંડી કોઠાસૂઝ ધરાવે છે. ભૂતકાળમાં પણ જિલ્લામાં સંગઠનની સારી કામગીરી કરી ચૂક્યા છે. ઈડર માર્કેટયાર્ડ અને બીજી ઘણી સહકારી સંસ્થાઓમાં પણ મુખ્ય સ્થાન સંભાળી સારી કામગીરી કરેલ છે. નાનામાં નાના કાર્યકરની વાત સાંભળી બનતું કરવા માટે પ્રયત્નશીલ રહે છે. તેમનો નિખાલસ અને સરળ સ્વભાવ તેમની આગવી ઓળખ છે. આ પ્રસંગે મંત્રીશ્રી રમણલાલ વોરા, મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, જયેન્દ્રસિંહ રાઠોડ, પૂર્વમંત્રી વી.ડી. ઝાલા, પૂર્વમંત્રી જયસિંહ ચૌહાણ, જે.ડી. પટેલ, વિજયભાઈ પંડ્યા, પૂર્વ ધારાસભ્ય દીપસિંહ રાઠોડ, સહિત જિલ્લાના કાર્યકરો, હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# M.E., M.Pharm માટે આજથી રજીસ્ટ્રેશન શરૂ થશે

અમદાવાદ, તા. ૮

વિવિધ અભ્યાસક્રમોમાં હાલ પ્રવેશ માટેની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં એમ.ઈ. અને એમ.ફાર્મમાં પ્રવેશ માટે આવતીકાલ તા. ૯ થી ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે. એમ.ઈ. ની કુલ ૬૭ કોલેજો અને એમ.ફાર્મની કુલ ૬૬ કોલેજો માટે રજીસ્ટ્રેશન પછી તા. ૨૦ અને ૨૧ એન્ટ્રન્સ ટેસ્ટ લેવાશે અને ત્યારબાદ ૨૪મી જુલાઈએ પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરવામાં આવશે.

પ્રાપ્ત સૂત્રો અનુસાર રાજ્યમાં હાલ વિવિધ અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. અમુક અભ્યાસક્રમો પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થવાની તૈયારી છે. આવતીકાલે તા. ૯ જુલાઈથી એમ.ઈ. અને એમ.ફાર્મમાં અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. તા. ૯ થી ૧૫ જુલાઈ દરમિયાન બંને અભ્યાસક્રમો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે. સૂત્રો મુજબ એમ.ઈ.ની કુલ ૬૭ કોલેજોની ૫૯૪૩ બેઠકો માટે અને એમ.ફાર્મની કુલ ૬૬ કોલેજોની ૫૦૪૫ બેઠકો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન પછી તા. ૨૦ અને ૨૧ જુલાઈ દરમિયાન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવશે. એમ.ઈ. માટે પ્ઈ (ગેટ)ની પ્રવેશ પરીક્ષા જ્યારે એમ.ફાર્મ માટે પ્ઝઈ (જી-સેટ) પ્રવેશ પરીક્ષા યોજવામાં આવશે.

સૂત્રો મુજબ એમ.ઈ. (માસ્ટર ઓફ એન્જિનિયરીંગ), એમ. ફાર્મ (માસ્ટર ઓફ ફાર્મસી) માટે રજીસ્ટ્રેશન પૂર્ણ થયા પછી એન્ટ્રન્સ એક્ઝામ લેવાશે ત્યારબાદ તા. ૨૪ જુલાઈએ બંને અભ્યાસક્રમો માટે પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરવામાં આવશે.

# ૧૦૩૯૯ જેટલી ખાલી બેઠકો માટે ચોઈસ ફિલીંગ શરૂ થયું

અમદાવાદ, તા. ૮

ડિગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શનિવારે છેલ્લા દિવસ બાદ આજે ફાઈનલ સંખ્યા જાહેર થયા મુજબ કુલ બેઠકોમાંથી ૧૦૩૩૯ બેઠકો ખાલી પડી છે. ખાલી બેઠકો માટે બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ પ્રક્રિયામાં તા. ૮ થી ૧૦ જુલાઈ દરમિયાન ચોઈસ ફિલિંગ રાઉન્ડ રહેશે ત્યારબાદ ડોક્યુમેન્ટ અને વેરીફિકેશન અને રિપોર્ટીંગ તથા ફી ભરવાની પ્રક્રિયા હાથ ધરાશે. ડીગ્રી ઈજનેરીમાં પ્રવેશ માટે ૪૪૫૫૨ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે.


# મ્યુનિ. પાસે બગીચા વિભાગ છતાં કન્સલટન્ટને ૪૭ લાખ

## રીવરફ્રન્ટની વિવિધ કામગીરી માટે કન્સલટન્ટને ૧૨.૩૯ કરોડ ચુકવાયા : વિરોધપક્ષના નેતા શેખનો સીધો આક્ષેપ

અમદાવાદ, તા.૦૮

મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે પોતાનો બગીચા વિભાગ હોવા છતાં ગાર્ડનીંગના કામ માટે કન્સલટન્ટને રૂા. ૪૭.૨૧ લાખની માતબર રકમ ચુકવવામાં આવી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું છે કે અગાઉના સમયમાં જે સેવાઓ મ્યુ. કોર્પો. પોતે પુરી પાડતું હતું તેમાંની મોટા ભાગની સેવાઓનું ખાનગીકરણ કરી સેવાઓ ખાડે જાય અને મ્યુ.કોર્પો. પર આર્થિક ભારણ વધે તેવી નીતિ બાજપના સત્તાધીશોએ અખત્યાર કરી છે. રીવરફ્રન્ટની વિવિધ કામગીરી માટે ૧૨.૩૯ કરોડ રૂપિયાની માતબર રકમનો ખર્ચ માત્ર કન્સલટન્ટની કામગીરી પાછળ કરવા છતાં કામ કોન્ટ્રાક્ટરને તેની અનિયમિતતા બદલ મ્યુ.કોર્પો. દ્વારા કરોડો રૂપિયાનો દંડ પણ કરવામાં આવે છે. આપણે દંડ કે પેનલ્ટી લેવા માટે કામ નથી આપતાં પણ કામ ચોકસાઈ પૂર્વક અને નિયમિત થાય પરંતુ તે હેતુ બર આવતો નથી. નવાઈજનક બબાતો એ છે કે ગાર્ડનીગના કામ માટે પણ કન્સલટન્ટ રાખે છે મ્યુ. કોર્પો પાસે અલાયદું ગાર્ડન ખાતું છે તેની પાસે સક્ષમ અધિકારીઓ પણ છે તેમ છતાં રૂા. ૪૭.૨૧ લાખ રૂપિયા માત્ર ગાર્ડનીગના કામ માટે પણ કન્સલટન્ટને ચુકવ્યા છે.

## શબ્દાવલી - ૫૧૧૩



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. કાયદાનો જાણકાર (૫) | ૧. પ્રપંચ (૪) |
| ૪. એક હિંસક પ્રાણી (૨) | ૨. જમ (૨) |
| ૬. પડખુ, પાસુ (૨) | ૩. શાણુ-સમજુ... વાળુ (૪) |
| ૭. ધજાઓ, ધ્વજ (૩) | ૪. પગથિયાવાળો કૂવો (૨) |
| ૮. ટમેટાના રસની વાનગી (૪) | ૫. કાળા ડિંબાગ વાદળ (૪) |
| ૯. વાઘરી સમાજની સ્ત્રી (૪) | ૭. દુર્ગંધ (૨) |
| ૧૧. ચિંતા, પીડા (૩) | ૮. શૂરવીર કે પાણીદાર (૪) |
| ૧૨. પાટલી, ઓરસીયો (૩) | ૧૦. ફિકર (૨) |
| ૧૫. દુશ્મની (૨) | ૧૧. બાકી લેણા માગવા તે (૪) |
| ૧૬. નાવડીની જેમ તરી શકે તેવું એક સાધન (૩) | ૧૨. ક્ષણિક ગુસ્સો (૩) |
| ૧૭. પાકને કાપવો તે (૩) | ૧૩. ભય, બીક (૨) |
| ૧૮. તગડી, સ્થૂળ (૨) | ૧૪. મગ ચોખાનો શીરો એટલે (૩) |
| | ૧૬. સાધના, તપસ્યા (૨) |

### શબ્દાવલી ૫૧૧૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) નરાધમ (૬) રામણદીવડો (૮) રોપ (૯) ધડા (૧૧) ઉત્તરાઈ (૧૩) કર્જ (૧૪) ધરવ (૧૫) ક્ષતિ (૧૬) ગાર (૧૭) ત્રિકમ (૧૯) સજા (૨૨) તીર (૨૩) નયન

**ઊભી ચાવી :-** (૧) નઘરોળ (૨) ધરા (૩) મમત (૪) લાદી (૫) આડોડાઈ (૭) વધરાવળ (૧૦) ફર્જ (૧૧) ઉધરસ (૧૨) તર (૧૩) કતિક (૧૫) ક્ષત્રિય (૧૮) મતિ (૨૦) જાન (૨૧) તન



માણેકબાગ પાસે આવેલી સિદ્ધાર્થ સ્કૂલને એકાએક બંધ કરી દેવામાં આવતા વિદ્યાર્થીઓને માર્ગ પર અભ્યાસની ફરજ પડી હતી.

## મચ્છરોના બ્રીડીંગ... ● પહેલા પાનાનું ચાલુ

તંત્રએ ચકાસણી કરી હતી અને કોઈ નક્કર કાર્યવાહી થયેલી જણાઈ ન હતી. સાઈટની મુલાકાત દરમ્યાન ૨૨ થી પણ વધુ સ્થળોએ મચ્છરોના ખુબ જ મોટી સંખ્યામાં બ્રીડીંગ મળી આવતાં તંત્રએ આજે એકદમ આક્રમક વલણ અખત્યાર કરી સંચાલકોને બી.પી.એમ.સી. એક્ટની કલમ ૩૧૫, ૩૧૬ અને ૩૭૬એ અન્વયે નોટીસ ફટકારી સાઈટ કેમ સીલ ના કરવી તેવું જણાવતાં કંપની સંચાલકો ફફડી ઉઠ્યા હતા. આ પછી માર્ગ-મકાન વિભાગના અધિકારીઓએ દરમ્યાનગીરી કરી તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી કરવાની ફરજ પાડી હતી.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ તંત્રની સતર્કતાને પગલે ડિકલાઈન ચાલી રહી છે. તંત્રએ આ વખતે પ્રથમથી જ બાંધકામ સાઈટોના સંચાલકોને એન્ટી લારવેલની કામગીરી કરવા માટે તાકીદ કરી હતી તેમજ તેના મજૂરોનું સ્ક્રીનીંગ શરૂ કર્યું છે. ગત વર્ષે શહેરમાં નોંધાયેલા મેલેરિયાના કેસોમાં ૫૦ ટકા જેટલા કેસ બાંધકામ સાઈટોના મજૂરોના નોંધાયા હતા. તંત્રએ આ વખતે સંચાલકોને પહેલીથી જ ચેતવણી આપી હતી તો હમણાં પણ કેટલીક એજન્સીઓને આ અંગે નોટીસો કમ સૂચનાત્મક પત્રો લખ્યા હતા.

આજે આ કંપની સામે સખ્ત કાર્યવાહી માટે કોર્પોરેશનના ઉચ્ચ અધિકારી દ્વારા નોટીસ આપવામાં આવી છે. જેમાં સીલીંગ સહિતની કાર્યવાહી કરવાની ફરજ પડશે તેવી ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. આમ તંત્ર આ વખતે મચ્છરોની ઉત્પત્તિને નાથવામાં કોઈ જ કચાશ રાખવાના મૂડમાં નહિ હોવાના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં બે વર્ષ પૂર્વે ઉદ્યોગભવનમાંથી મોટી સંખ્યામાં બ્રીડીંગ મળ્યા હતા તો ગત વર્ષે સે. ૭માંથી મોટી સંખ્યામાં સરકારના બંધ મકાનોમાં બ્રીડીંગ મળ્યા હતા. આ વખતે રાજ્ય સરકારની રાજ્યકક્ષાની કચેરીઓ માટેના બ્લોક બનાવવાના ચાલુ છે. ત્યાંથી ૨૨ જેટલી જુદી જુદી જગ્યાઓ પરથી મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે ૧૦ જેટલા બ્રીડીંગ તો ડેન્ગ્યુના મચ્છરોના હોવાનું જણાતાં ચોંકી ઉઠેલા તંત્રએ આ વાતને ગંભીરતાથી લીધી છે. આ બાંધકામ સાઈટ પર રાજસ્થાન, ઝારખંડ, બિહાર તેમજ ગુજરાતના દાહોદ, પંચમહાલ જિલ્લાના મજૂરો કામ કરી રહ્યા છે. નોટીસ મળતાં જ માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ ત્યાં દોડી ગયા હતા અને કોન્ટ્રાક્ટર પાસે તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી હાથ ધરાવડાવી હતી.

## પગલાં લેવાશે... ● પહેલા પાનાનું ચાલુ

આવે. આવા તલાટીઓને એક ઈજાફો અટકાવવા ઉપરાંત નબળી કામગીરીની ખાનગી અહેવાલમાં નોંધ કરવી અને તેની જાણ તેમના કાર્યાલયને કરવી. ૨૦ ટકાથી વધુ અને ૪૦ ટકાથી ઓછી વસુલાત કરનાર તલાટીને તાકીદ કરવા અંગેની નોટીસ આપવા જણાવાયું છે.

મળતી વિગતો પ્રમાણે ૧-૮-૧૨ થી શરૂ થયેલ નાણાંકીય વર્ષમાં એપ્રિલ-૨૦૧૩ના અંતે અત્યંત નબળી વસુલાત જણાઈ છે. ગાંધીનગર તાલુકામાં આ વસુલાત ૧૪ ટકા, માણસામાં ૧૩ ટકા, કલોલમાં ૧૮ ટકા અને દહેગામમાં ૫ ટકા વસુલાત જણાઈ છે.

નબળી વસુલાતને ૬૦ ટકા સુધી લઈ જવાનો લક્ષ્યાંક તંત્રએ રાખ્યો છે. મળતી વિગતો મુજબ ફરતીની આવક વધુ બતાવી વસુલાતનો આંક ઉંચો બતાવવા સામે અધિકારીઓની નારાજગી છતી થઈ છે. વસુલાત માટેનું સમયબદ્ધ આયોજન કરી અસરકારક બનાવવા માટેની સૂચનાઓ પણ જારી કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે નબળી વસુલાત માટે નળ કનેક્શન કાપવા સહિતના પગલાં લેવા માટે જણાવાયું છે. આ ઉપરાંત બાકીદારોના નામ નોટીસ બોર્ડ પર લખવા, ગામમાં દાંડી પિટાવવા સહિતના પગલાંઓ તલાટીઓને સૂચવવામાં આવ્યા છે.

ગત વર્ષે જિલ્લામાં ૧૨ થી પણ વધુ તલાટીઓને ઓછી વસુલાત માટે નોટીસો ફટકારવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે. ચાલુ વર્ષે આ વસુલાત વધુ એક વખત નબળી જણાતાં ચોંકી ઉઠેલા તંત્રએ હવે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સુધીનું મન બનાવી લીધુ છે. તંત્ર દ્વારા આ અંગે દર પંદર દિવસે મોનીટરીંગ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

## સાયન્સની ૭ અને કોમર્સની ૪ સરકારી કોલેજોમાં બેઠક વધારો

અમદાવાદ, તા. ૮

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના પરિણામ પછી વિવિધ કોલેજોમાં પ્રવેશ માટેની કાર્યવાહી ચાલી રહી છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું વિક્રમજનક પરિણામ ૯૫.૫૩ ટકા આવ્યા પછી સાયન્સની કોલેજોમાં પ્રવેશ માટે સમસ્યા સર્જાય છે. તેમજ કોમર્સ અને આર્ટસ કોલેજોમાં પણ પ્રવેશ માટે ઘસારો થઈ રહ્યો છે. જેના કારણે યુનિવર્સિટી દ્વારા સાયન્સની ૭ સરકારી કોલેજોને તથા કોમર્સની ૪ સરકારી કોલેજોને વર્ગ વધારા અને દ્વન્દ્યાર્થીઓની સંખ્યા વધારવાની મંજૂરી આપી છે. આ વધારો બીજી વખત આપવામાં આવ્યો છે.

## નરોડા વિસ્તારમાં લિફટે વધુ એક યુવાનનો ભોગ લીધો

અમદાવાદ, તા. ૮

નરોડમાં આવેલા સ્પર્શ એપાર્ટમેન્ટની ખામીવાળી લિફટમાં ફસાઈ જવાથી માથું છુંદાઈ જતાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીનું મોત નીપજવાની ઘટનાએ રહીશોમાં ચકચાર મચી ગઈ હતી. ઉલ્લેખની છે કે ભૂતકળામાં ખામીવાળી લિફટમાં ફસાઈ જવાથી મૃત્યુ પામેલા બાળકોના કિસ્સામાં હજુ સુધી એક પણ કસૂરવાર સામે પગલા લેવાયા નથી. નરોડા સેન્ટ મેરી સ્કુલ પાસેના સ્પર્શ એવન્યુ એપાર્ટમેન્ટના પાંચમા માળે ફલેટ નં. ૫૦૧માં રહેતા લક્ષ્મણભાઈ સોનીનો ધોરણ-૧૦માં અભ્યાસ કરતો દીકરો સંજય શનિવારે રાત્રે ૧૧.૩૦ કલાકે લિફટમાં પાંચમા માળે જઈ રહ્યો હતો. લિફટ એકાએક ત્રીજા માળે રોકાઈ ગઈ હતી જેથી સંજયે ફરી પાંચમા માળનું બટન દબાવ્યું હતું છતાં લિફટ ઉપર ન જતાં સંજયે જાળી ખોલી બહાર જોવાનો પ્રયાસ કર્યો હતો અને તે વખતે પણ તેણે પાંચમા માળે જવા માટે બટન દબાવી રાખ્યું હતું. અને યંત્રવત ખામીને કારણે એકાએક લિફટ ઉપર ચાલવા લાગી હતી. જેથી લિફટની જાળીમાં ફસાઈ ગયેલા સંજયનું માથું છુંદાઈ જતાં તેનું મોત નિપજ્યું હતું.